# મંગળમાળ શોભી રહી રે.

(રાગ : સીમંધર મુખથી ફૂલડા ખરે...)

સ્વર્ણપુરીમાં સ્વર્ણરવિ આજ,
પધાર્યા ઋષભ જિણંદ રે,
મંગળમાળ શોભી રહી રે.

નાભિરાજાના લાડીલા સુત અહો!
મરુદેવીમાતાના નંદ રે,
મંગળમાળ શોભી રહી રે...સ્વર્ણ૦

સુરતરુ સુરમણિ જિનજી પધાર્યા,
ત્રણ ભુવનના નાથ રે,
મંગળમાળ શોભી રહી રે.

રત્નચિંતમણિ દેવ પધાર્યા,
મનચિંચિત–દાતાર રે,
મંગળમાળ શોભી રહી રે...સ્વર્ણ૦

જુગલયુગાન્તે પ્રથમ તીર્થંકર,
થયા ઋષભ-અવતાર રે,
મંગળમાળ શોભી રહી રે.

દિવ્યધ્વનિનાં અમૃત વરસ્યાં,
મુક્તિના ફાલ્યા ફાલ રે,
મંગળમાળ શોભી રહી રે...સ્વર્ણ૦

ગણધર મુનિવર શ્રાવક શ્રાવિકા,
ફાલ્યા ફાલ મનહાર રે,
મંગળમાળ શોભી રહી રે.

દેવ-દેવેન્દ્ર આજ પ્રભુજીને પૂજે,
રત્ને વધાવે જિનરાજ રે,
મંગળમાળ શોભી રહી રે...સ્વર્ણ૦

અનંત આનંદ-જ્ઞાનાદિ ઊછળ્યાં,
આશ્ચર્યકારી જગનાથ રે,
મંગળમાળ શોભી રહી રે.

મંગળ પદાર્પણ સ્વર્ણપુરીમાં,
મંગળ વર્ષા થાય રે,
મંગળમાળ શોભી રહી રે...સ્વર્ણ૦

આવો પધારો પ્રભુ! અમ મંદિરિયે,
હૈડાં ઊછળી જાય રે,
મંગળમાળ શોભી રહી રે.

અનંત ચતુષ્ટયવંતા જિણંદજી,
ગુણરત્નાકર નાથ રે,
મંગળમાળ શોભી રહી રે...સ્વર્ણ૦

કઈ વિધ વંદું, કઈ વિધ પૂજું,
આંગણે પધાર્યા જિનરાજ રે,
મંગળમાળ શોભી રહી રે.

ગુરુ-પ્રતાપે પ્રભુજી પધાર્યા,
જયજયકાર ગવાય રે,
મંગળમાળ શોભી રહી રે.

નિશદિન હોજો દેવ-ગુરુજીની સેવા,
સેવકની અરદાસ રે,
મંગળમાળ શોભી રહી રે...સ્વર્ણ૦